# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E-mail : gpcc1234@gmail.com


**અખબારી યાદી** તા. ૦૮.૦૮.૨૦૨૬

- **ગુજરાતમાં 'કોન્ટ્રાક્ટથી ફાયર એનઓસી' સુધી ભ્રષ્ટાચારનું મોડેલ ઊભું થયું છે'.**
- **અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિતની મહાનગરપાલિકાઓનો કરોડો રૂપિયાના વહીવટ - કોન્ટ્રાક્ટનું સ્પેશ્યલ ફોરેન્સિક ઓડીટ કરાવો : ડૉ. મનીષ દોશી**

ગુજરાતમાં છેલ્લા ૩ દાયકાથી ભાજપની સરકાર અને મોટા ભાગની મહાનગરપાલિકાઓમાં લાંબા સમયથી ભાજપનું શાસન છે. છતાં ગુજરાતના ચાર મોટા શહેરોના નાગરિકો એક જ પ્રશ્ન પૂછી રહ્યા છે, "અમારા ટેક્ષના કરોડો રૂપિયા ક્યાં જાય છે? અને અમારી સલામતીની જવાબદારી કોની છે? ત્યારે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિતની મહાનગરપાલિકાઓના સ્પેશ્યલ ફોરેન્સિક ઓડીટની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં છેલ્લા ૨૦ વર્ષમાં રોડ, બ્રિજ, ટેન્ડર, બિલ્ડિંગ પરમિશન, ફાયર એનઓસી, ભરતી અને ટાઉન પ્લાનિંગ સાથે જોડાયેલા અનેક ગંભીર વિવાદો કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર-ગેરરીતિ સામે આવી છે. આ ઘટનાઓને અલગ-અલગ ઘટના ગણાવીને ભાજપ સરકાર પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. આ હવે વ્યક્તિગત ભ્રષ્ટાચારનો પ્રશ્ન નથી. આ કોન્ટ્રક્ટ, કમિશન, કૌભાંડ અને કમલમના સમગ્ર મોડેલ પર સવાલ છે. **રોડમાં ભ્રષ્ટાચાર થાય તો નાગરિકોના પૈસા જાય છે. બ્રિજમાં ભ્રષ્ટાચાર થાય તો નાગરિકોની સુરક્ષા જોખમાય છે. ટેન્ડરમાં ગેરરીતિ થાય તો કરદાતાની મહેનતની કમાણી લૂંટાય છે. પરંતુ ફાયર સેફ્ટીમાં ગેરરીતિ થાય તો કિંમત રૂપિયા નહીં માનવજીવન હોય છે.** અમદાવાદની આગમાં માનવ જીંદગી હોમાઈ જાય, સુરત તક્ષશિલા કાંડમાં બાળકો હોમી જાય, ટીઆરપી ગેમ ઝોનમાં ૨૭ જિંદગીઓ ગુમાવ્યા પછી પણ જો તંત્ર પોતાની જવાબદારીમાંથી શીખતું ન હોય અને ફાયર એનઓસી અંગે લાંચના કેસો સતત સામે આવતા હોય, તો આ માત્ર અધિકારીઓની ભૂલ નથી. આ સમગ્ર શાસનવ્યવસ્થાની જવાબદારીનો પ્રશ્ન છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રોડ અને બિટુમેનના કામોને લઈને આશરે ₹૪૫૦ કરોડના કામોમાં ડુપ્લિકેટ બિલ અને નબળી ગુણવત્તા. હાટકેશ્વર બ્રિજની ગુણવત્તા વ્યવસ્થાની વિશ્વસનીયતા પર ગંભીર સવાલો ઊભા કર્યા. પરંતુ સૌથી ચિંતાજનક બાબત છે ફાયર વિભાગમાં ૨૦૨૪માં ખોટા સ્પોન્સરશીપ સર્ટીફીકેટના આધારે નોકરી મેળવવાના મામલે 9 ફાયર ઓફિસરને નોકરીમાંથી દૂર કરવામાં આવ્યા. ૨૦૨૫માં અમદાવાદ મ્યુ. કોર્પોરેશન ડીવીજીનલ ફાયર ઓફિસરને ₹૬૫,૦૦૦ની લાંચ લેવાના આરોપમાં એસીબીએ ઝડપી પાડ્યા અને ૮ ઓગસ્ટ ૨૦૨૬, અમદાવાદના ફાયર ચીફ અને તેમના સહાયકને ફાયર સેફ્ટી એનઓસી આપવા બદલ ₹૩૬,૦૦૦ની લાંચ લેવાના આરોપમાં ધરપકડ થયાના અહેવાલો સામે આવ્યા છે. એક જ વિભાગમાં વારંવાર આવા કેસો કેમ? ફાયર એનઓસી કોઈ સામાન્ય કાગળ નથી. ફાયર એનઓસી એટલે લોકોના જીવનની સુરક્ષાની ગેરંટી, જો આ ગેરંટી પણ લાંચના આરોપોથી ઘેરાય તો નાગરિકોની સલામતી સાથે કોણ રમે છે?

રાજકોટ ટીઆરપી ગેમ ઝોન દુર્ઘટના નહીં, તંત્રની નિષ્ફળતાનું પરિણામ, રાજકોટ ટીઆરપી ગેમ ઝોનમાં ૨૭ લોકોનાં મોત. ૨૭ પરિવારો ઉજડી ગયા. આ ઘટના પછી સૌથી મોટો પ્રશ્ન હતો જો ફાયર સેફ્ટી અને બિલ્ડીંગ પરમીશનની વ્યવસ્થા યોગ્ય રીતે કામ કરતી હતી તો આ ઘટના બની કેવી રીતે? ટીઆરપી ગેમ ઝોન પછી ફાયર વિભાગ અને ટાઉન પ્લાનિંગની કામગીરી પર ગંભીર સવાલો ઊભા થયા. ઓગસ્ટ ૨૦૨૪માં રાજકોટ મ્યુ. કોર્પોરેશનના ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરને ₹૧.૮૦ લાખની લાંચ લેવાના આરોપમાં એસીબીએ ઝડપી પાડ્યા, જ્યારે કુલ ₹૩ લાખની માંગણીનો આરોપ હતો.

સુરત તક્ષશિલા કાંડમાં માસુમ બાળકો હોમાયા. ૨૦૨૫માં સુરત મ્યુ. કોર્પોરેશનના ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસરને હોટલને ફાયર સેફટી એનઓસી આપવા બદલ **₹૧** લાખની લાંચ લેવાના આરોપમાં એસીબીએ ઝડપી પાડ્યા. આ ઘટના એક અત્યંત ગંભીર સવાલ ઊભો કરે છે. ફાયર એનઓસી માટે જો અધિકારીને લાંચ આપવી પડે તો સામાન્ય વેપારી અને નાગરિક નિયમસર સુરક્ષા કેવી રીતે મેળવી શકે? વડોદરામાં પણ ૨૦૨૫માં ૩ ફાયર ઓફિસર સામે **₹**૩.૭ કરોડની ગેરરીતી મુદ્દે સસ્પેન્ડ કરાયા. વડોદરામાં ફાયર એનઓસી તથા સીલ કરાયેલી મિલકતોના સીલ ખોલવા માટે નાણાં માંગવાના ગંભીર આક્ષેપો થયા હતા. આ આક્ષેપોની નિષ્પક્ષ તપાસ થવી જરૂરી છે. **ફાયર વિભાગનું મુખ્ય કામ આગથી નાગરિકોને બચાવવાનું છે, તેની કામગીરીમાં જ ભ્રષ્ટાચારના આક્ષેપો કેમ વારંવાર સામે આવે છે? ચાર શહેરો, એક જ પેટર્ન? અમદાવાદ ફાયર એનઓસીમાં લાંચના કેસ, રાજકોટ ટીઆરપી ગેમ ઝોન પછી ફાયર સેફ્ટી અને ટાઉન પ્લાનિંગ પર ગંભીર સવાલો છે.**

સુરત ફાયર એનઓસી માટે લાંચનો કેસ અને ટેન્ડર પ્રક્રિયા અંગે પ્રશ્નો, વડોદરા ફાયર એનઓસીને લઈને ગંભીર આક્ષેપો અને ચારેય શહેરોમાં ટેન્ડર, કોન્ટ્રાક્ટર, બિલ્ડીંગ મંજુરી, ફાયર એનઓસી, ઈન્સ્પેકશન, કમ્પ્લીશન આ આખી સાંકળમાં ક્યાંક એક કડી નબળી પડે તો તેનું પરિણામ કરોડો રૂપિયાની ખોટ અથવા માનવજીવનનું નુકસાન બની શકે છે. શું આ માત્ર સંયોગ છે કે સમગ્ર વ્યવસ્થા ને ભ્રષ્ટાચારે ભરડો લીધો છે? ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ સ્પષ્ટ માંગ કરતા જણાવ્યું હતુ કે ચારેય મહાનગરપાલિકાનો ૨૦૧૬–૨૦૨૬ સ્પેશીયલ ફોરેન્સિક ઓડીટ કરાવો. તમામ ફાયર એનઓસીનો શહેર દીઠ પબ્લિક ઓડીટ કરો. ફાયર એનઓસી સંબંધિત તમામ એસીબી કેસોની ફાઈનલ એક્શન ટેકન રીપોર્ટ જાહેર કરો. **બ્લેકલીસ્ટેડ કોન્ટ્રાક્ટરોને મળેલા કામની તપાસ કરો. સમગ્ર પ્રક્રિયા અંગે ગુજરાત વિધાનસભામાં શ્વેત પત્ર રજૂ કરો.**

ડૉ. મનીષ દોશી
કન્વીનર અને પ્રવક્તા,ગુજરાત કોંગ્રેસ
૯૪૨૬૦૦૧૫૯૯